## અધ્યાત્મયોગી

# શ્રી આનંદઘન કૃત ચોવીશી

## ૧. ઋષભદેવ જિન સ્તવન

(રાગ : મારું – કર્મ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો રે...)

ઋષભ જિનેશ્વર ! પ્રીતમ માહરો રે,
ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત. ઋ..૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે,
પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે,
સોપાધિક ધન ખોય. ઋ..૨

કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે,
મિલશું કંત રે ધ્યાય;
એ મેળો નવ કદીએ સંભવે રે,
મેળો ઠામ ન ઠાય. ઋ..૩

કોઈ પતિ રંજન અતિ ઘણું તપ કરે રે,
પતિ રંજન તનતાપ;
એ પતિ રંજન મેં નવ ચિત્ત ધર્યું રે,
રંજન ધાતુ મિલાપ. ઋ..૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે,
લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવ ઘટે રે,
લીલા દોષ વિલાસ. ઋ..૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન-ફળ કહ્યું રે,
પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અર્પણા રે,
'આનંદઘન' પદ રેહ. ઋ..૬

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ : આશાવરી—મારું મન મોહ્યું રે...)

પંથળો નિહાળું રે બીજા જિન તણો રે,
અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે,
પુરુષ કિશ્યું મુજ નામ ? પં..૧

ચરમ નયણે કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે,
નયણ તે દિવ્ય વિચાર. પં..૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહિ ઠાય. પં..૩

તર્ક-વિચારે રે વાદ પરંપરા રે,
પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુ ગતે કહે રે,
તે વિરલા જગ જોય. પં..૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયન તણો રે,
વિરહ પડ્યો નિર્ધાર;
તરતમ યોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર. પં..૫

કાળ લબ્ધિ લઈ પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે.
'આનંદઘન' મન અંબ. પં..૬

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ-આઉખું તૂટ્યાને સાંધો કોઈ નહિ રે...)

સંભવ દેવ ! તે ધુર સેવો સવે રે,
લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે,
અભય અદ્વેષ અખેદ. સં..૧

ભય ચંચળતા હો જે પરિણામની રે,
દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હે કરતાં થાકિયે રે,
દોષ અબોધ લખાવ. સં..૨

ચરમાવર્ત હો ચરમ કરણ તથા રે,
ભવ પરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે,
પ્રાપ્તિ પ્રવચન વાક. સં..૩

પરિચય પાતક ઘાતક સાધશું રે,
અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરે રે,
પરિશીલન નય હેત. સં..૪

કારણ યોગે હો કાર્ય નીપજે રે,
એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કાર્ય સાધીએ રે,
એ નિજ મત[1] ઉન્માદ.[2] સં..૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે,
સેવન અગમ અનુપ;
દેજો કદાચિત[3] સેવક યાચના રે,
'આનંદઘન' રસ રૂપ. સં..૬

---

૧. મતિ, ૨. ગાંડપણ, ૩. કદાચ

# ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : ધનાશ્રી-સિંધુઓ અસત્ય વચન મુખથી...)

અભિનંદન જિન ! દર્શન તરસીએ,
દર્શન દુર્લભ દેવ;
મત મત ભેદે રે જોઈ જઈ પૂછીએ,
સહુ થાપે [1]અહમેવ. અ..૧

સામાન્યે કરી દરિસણ દોહ્યલું,[2]
નિર્ણય સકળ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે ?
રવિ-શશી રૂપ વિલેખ. અ..૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ,
અતિ દુર્ગમ નયવાદ;
આગમ વાદે હો ગુરુગમ હો નહિ,
એ સબળો વિષવાદ. અ..૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા,
તુમ દરિસણ જગનાથ !
ધીઠાઈ કરી મારગ સંચરું,
સેગુ કોઈ ન સાથ. અ..૪

દર્શન દર્શન રટતો જો ફરું,
તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની,
કેમ ભાંજે વિષપાન ? અ..૫

---

૧. પોતપોતાના મતનું સ્થાપન કરે, ૨. દુર્લભ

તરસ[2] ન આવે હો મરણ-જીવનતણો,
સીઝે જો દર્શન કાજ;
દર્શન દુર્લભ સુલભ કૃપા થકી,
'આનંદઘન' મહારાજ. અ..૬

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

(રાગ : વસંત-કેદારો-મત કોઈ રમજો સાજન સોગઠે...)

સુમતિ ચરણરજ આતમ અર્પણા, દર્પણ જેમ અવિકાર; સુજ્ઞાની
મતિ તર્પણ બહુ સંમત જાણીએ, પરિસર્પણ સુવિચાર. સુ..૧

ત્રિવિધ સકળ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરભેદ; સુ..
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ. સુ..૨

આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ [3]અઘરૂપ; સુ..
કાયાદિકનો સાક્ષીધર રહ્યો, અંતર આતમ રૂપ. સુ..૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજીત[4] સકળ ઉપાધિ; સુ..
અતીંદ્રિય ગુણગણમણિ આગરુ, એમ પરમાતમ સાધ. સુ..૪

બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ સ્થિરભાવ; સુ..
પરમાતમાનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુ..૫

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ-દોષ; સુ..
પરમ પદારથ સંપત્તિ સંપજે, 'આનંદઘન' રસ પોષ. સુ..૬

૨. દુઃખ, ૩. પાપ, ૪. છોડી

# ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(રાગ : મારું-સિંધુ-મારું મન મોહ્યું રે...)

પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે,
કેમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે કારણ જોઈને રે,
કોઈ કહે મતિવંત. પ..૧

પયઈ ઠિઈ અણુ ભાગ પ્રદેશથી રે,
મૂળ ઉત્તર બહુ ભેદ;
ઘાતિ અઘાતિ હો બંધોદય ઉદીરણા રે,
સત્તા કર્મ વિચ્છેદ. પ..૨

કનકોપલવત્ પયડી પુરુષ તણી રે,
જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જ્યાં લગી આતમા રે,
સંસારી કહેવાય. પ..૩

કારણ યોગે હો બાંધે બંધને રે,
કારણ મુક્તે મૂકાય;
આસ્રવ સંવર નામ અનુક્રમે રે,
હેય ઉપાદેય સુણાય. પ..૪

યુંજન કરણે હો અંતર તુજ પડ્યો રે,
ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ યુક્તે કરી પંડિત જને કહ્યો રે,
અંતર ભંગ સુઅંગ. પ..૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે,
વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે,
'આનંદઘન' રસ પૂર. પ..૬

## ૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

(રાગ : લલના...)

શ્રી સુપાર્શ્વ જિન વંદીએ, સુખ-સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જળનિધિ, ભવસાગર માંહે સેતુ લલના. શ્રી..૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવના લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના. શ્રી..૨

શિવશંકર જગદીશ્વરું, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના. શ્રી..૩

અલખ નિરંજન વત્સલુ, સકલ જંતુ વિસરામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના. શ્રી..૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ લલના;
નિંદ્રા તંદ્રા દુર્દશા, રહિત અબાધિત યોગ લલના. શ્રી..૫

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પ્રધાન લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન લલના. શ્રી..૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી..૭

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર લલના;
જે જાણે તેને કરે, 'આનંદઘન' અવતાર લલના. શ્રી..૮

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(રાગ : કેદારો-ગોડી)

દેખણ દે સખી ! મને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ; સ..
ઉપશમ રસનો કંદ, ગત કલિમલ દુઃખ દ્વંદ્વ,
સેવે સુરનર વૃંદ. સ..૧

સુહુમ નિગોદે ન દેખિયો સ.., બાદર અતિહી વિશેષ; સ..
પુઢવી આઉ ન લેખિયો સ.., તેઉ વાઉ ન લેશ. સ..૨

વનસ્પતિ અતિ વણદિહા સ.., દીઠો નહિ દેદાર; સ..
બિ તિ ચઉરિંદ્રિય જલલીહા સ.., ગતિ સન્નિ પણધાર. સ..૩

સુર તિરિ તિરય નિવાસમાં સ.., મનુજ અનારજ સાથ; સ..
અપજ્જત્તા પ્રતિભાષમાં સ.., ચતુર ન ચઢિયો હાથ. સ..૪

એમ અનેક સ્થળ જાણીએ સ.., દર્શન વિણ જિન દેવ; સ..
આગમથી મત આણીએ સ.., કીજે નિર્મળ સેવ. સ..૫

નિર્મળ સાધુ ભક્તિ લહી સ.., યોગ અવંચક હોય; સ..
ક્રિયા અવંચક તેમ સહી સ.., ફળ અવંચક જોય. સ..૬

પ્રેરક અવસર જિનવરુ સ.., મોહનીય ક્ષય થાય; સ૦
કામિત પૂરણ સુરતરુ સ.., 'આનંદઘન' પ્રભુ પાય. સ..૭

## ૧૦. શ્રી શીતળનાથ જિન સ્તવન

(રાગ : ધનાશ્રી-ગોડી)

શીતળ જિનપતિ ! લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમળતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શી..૧

સર્વ જંતુ હિતકરણી કરુણા, કર્મ વિદારણ તીક્ષણ રે;
હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શ્રી..૨

પરદુઃખ છેદન ઈચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે ? શ્રી..૩

અભયદાન તે મળક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણા વિણ કૃતિ ઉદાસીનતા, એમ વિરોધ મતિ ના'વે રે. શ્રી..૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગી રે. શ્રી..૫

ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરજકારી ચિત્ર વિચિત્રા, 'આનંદઘન' પદ લેતી રે. શ્રી..૬

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(રાગ : ગોડી-પ્રભાતી...)

શ્રી શ્રેયાંસ જિન અંતર્યામી, આતમરામી નામી રે;
અધ્યાત્મ મત પૂરણ પામી, સહજ મુક્તિ ગતિ ગામી રે. શ્રી..૧

સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિ ગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી..૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તે ન અધ્યાતમ કહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રી..૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી..૪

શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી..૫

અધ્યાત્મી જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મતવાસી રે. શ્રી..૬

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ : ગોડ-પ્રભાતી)

વાસુપૂજ્ય જિન ! ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલકામી રે. વા..૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વા..૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર[1] અનુસારીએ રે. વા..૩

સુખદુ:ખ રૂપ કર્મફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વા..૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવી રે;
જ્ઞાન કર્મ ફળ ચેતન કહીએ, લેજો મન મનાવી રે. વા..૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો [2]દ્રવ્યલિંગીરે;
વસ્તુગતે[3] જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત સંગી રે. વા..૬

---

૧. આત્મા, ૨. દ્રવ્યથી સાધુ, ૩. યથાર્થ

## ૧૩. શ્રી વિમળનાથ જિન સ્તવન

(રાગ : મારું – ઈડર આંબા આંબલી રે...)

દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું રે ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કોણ ગંજે નર ખેટ ?
વિમળ જિન ! દીઠા લોયણ આજ, મારા સિજ્યા વાંછિત કાજ. વિ..૧

ચરણ કમળ કમળા વસે રે, નિર્મળ સ્થિર પદ દેખ,
સમલ અસ્થિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ..૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરારે, ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિ..૩

સાહેબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમનો આધાર. વિ..૪

દરિસણ દીઠે જિન તણો રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ. વિ..૫

અમીય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય. વિ..૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ !
કૃપા કરી મુજ દીજીએ રે, 'આનંદઘન' પદ સેવ. વિ..૭

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ પ્રભાતી)

ધાર તલવારની સોહ્યલી દોહ્યલી,
ચૌદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધા..૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિ માંહી લેખે. ધા..૨

ગચ્છના ભેદ બહુ નયણે નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાળ રાજે. ધા..૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધા..૪

દેવગુરુધર્મની શુદ્ધિ કહો કેમ રહે ?
કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો. ધા..૫

પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જીસ્યો,
ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધા..૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે [૧]નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
[૨]નિયત 'આનંદઘન' રાજ [૩]પાવે. ધા..૭

૧. આત્મા, ૨. નક્કી, ૩. પામે

# ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

(રાગ : ગોડી રસિયાનો...)

ધર્મ જિનેશ્વર ! ગાઉં રંગશું રે,
ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર !
બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કુળવટ રીત જિનેશ્વર ! ધ..૧

ધર્મ ધર્મ કરતો જગ સહુ ફરે,
જાણે ન ધર્મનો મર્મ જિનેશ્વર !
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,
કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર ! ધ..૨

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન જિનેશ્વર !
હૃદય નયન નિહાળે જગધણી,
મહિમા મેરુસમાન જિનેશ્વર ! ધ..૩

દોડત દોડત દોડત દોડિયો,
જેતી મનની દોડ જિનેશ્વર !
પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી,
ગુરુગમ લેજો જોડ જિનેશ્વર ! ધ..૪

એક પખી પ્રીતિ કેમ પરવડે ?
ઉભય મિલ્યા હુવે સંધી જિનેશ્વર !
હું રાગી હું મોહે ફંદીઓ,
તમે નિરાગી નિર્બંધ જિનેશ્વર ! ધ..૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઓળંગી જાય જિનેશ્વર !
જ્યોતિ વિના જુએ જગદીશને,
અંધોઅંધ પલાય જિનેશ્વર ! ધ..૬

નિર્મળ ગુણમણિ રોહણ ભુધરા,
મુનિજન માનસ હંસ જિનેશ્વર !
ધન્ય ! તે નગરી ધન્ય ! વેળા ઘડી,
માતપિતા કુળ વંશ જિનેશ્વર ! ધ..૭

મન મધુકર વર જોડી કહે,
પદ કજ નિકટ નિવાસ જિનેશ્વર !
ઘનનામી 'આનંદઘન' સાંભળો,
એ સેવક અરદાસ જિનેશ્વર ! ધ..૮

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર...)

શાંતિ જિન ! એક મુજ વિનંતિ, સુણો ત્રિભુવનરાય રે !
શાંતિ સ્વરૂપ કેમ જાણીએ ? કહો મન કેમ પરખાય રે ? શાં..૧

ધન્ય ! તું આતમા જેહને, એવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ[૧] રે. શાં..૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યાં જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ[૨] સદહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાં..૩

આગમધર ગુરુ સમકીતિ, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ[૩] અનુભવ ધાર રે. શાં..૪

૧. સ્વરૂપ, ૨. યથાર્થ, ૩. પવિત્ર

શુદ્ધ આલંબન આદરી, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી સાળ રે. શાં..૫

ફળ વિસંવાદ જેમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળ નયવાદ વ્યાપિ રહ્યો, તે શિવ સાધન સંધી રે. શાં..૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદાર્થ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે. શાં..૭

દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવથી, ધરે મુક્તિ નિદાન રે. શાં..૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે. શાં..૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણમણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેઉ સમ ગણે, મુણે ભવજળ નિધિ નાવ રે. શાં..૧૦

આપણો આતમ ભાવ જે, એક ચેતન આધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, તે નિજ પરિકર સાર રે. શાં..૧૧

પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તારે દરિસણે નિસ્તર્યો, મુજ સિધ્ધાં સવિ કામ રે. શાં..૧૨

અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફળ દાન દાતારની, જેની ભેટ થઈ તુજ રે. શાં..૧૩

શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે;
આગમ માંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાં..૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'આનંદઘન' પદ પામશે, તે લહેશે બહુમાન રે. શાં..૧૫

# ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

(રાગ : રામકલી – અંબર દે હો મુરારિ હમારો...)

મનડું કિમહી ન બાજે હો કુંથુ જિન ! મનડું કિમહી ન બાજે;
જેમ જેમ જતન કરીને રાખું, તેમ તેમ અળગું ભાંજે હો. કું..૧

રજની વાસર વસ્તી ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાયે હો. કું..૨

મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કું..૩

આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિંહા કને જો હઠ કરી અટકું તો, વ્યાલ તણી પરે વાંકુ હો. કું..૪

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહી;
સર્વ માંહે ને સહુથી અળગું, એ અચરજ મનમાંહી હો. કું..૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાળો;
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાળો હો. કું..૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એને કોઈ ન જેલે હો. કું..૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવ માનું, એક હી વાત છે મોટી હો. કું..૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
'આનંદઘન' પ્રભુ મારું આણો, તો સાચું કરી જાણું હો. કું..૯

# ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

(રાગ : પરજિયો / મારુ)

ધર્મ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે ?
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધ..૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય અભિલાષ રે;
પરબડી છાંયડી જે પડે, તે પર સમય નિવાસ રે. ધ..૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ..૩

ભારે પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધ..૪

દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ધ..૫

પરમાર્થ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ[1] જે રહે, તેના ભેદ અનંત રે. ધ..૬

વ્યવહારે લખ દોહ્યલો, કાંઈ ન આવે હાથ રે,
શુદ્ધ નય થાપના સેવતાં, નવ રહે દુવિધા સાથ રે. ધ..૭

એક પખી[2] લખી પ્રીતડી, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ..૮

ચક્રી ધર્મ તીરથ તણો, તીરથ ફળ તતસાર રે;
તીરથ[3] સેવે તે લહે, 'આનંદઘન' નિરધાર રે. ધ..૯

૧. લક્ષ, ૨. પક્ષી, ૩. સાધુ-સાધ્વી આદિ ચાર

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(રાગ : કાફી)

સેવક કેમ અવગણિયે હો મલ્લિજિન ? એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેને મૂળ નિવારી હો. મ..૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી હો. મ..૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીયાવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો. મ..૩

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો. મ..૪

હાસ્ય રતિ અરતિ શોક દુગંચ્છા, ભય પામર [1]કરસાલી;
નો કષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો. મ..૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા અબોધા હો. મ..૬

વેદોદય કામા પરિણામા, કામ્યક[2] રસ સૌ ત્યાગી;
નિષ્કામી કરુણા-રસ-સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો. મ..૭

દાન વિઘન[3] વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો. મ..૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો. મ..૯

---

૧. દંતાળી, ૨. કર્મ, ૩. વિઘ્ન

એ અઢાર દૂષણ વરજીત તનુ, મુનિજન વૃંદે ગાયા,
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો. મ..૧૦

ઈણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દિનબંધુની મહેર નજરથી, 'આનંદઘન' પદ પાવે હો. મ..૧૧

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(રાગ : કાફી)

આત્મ-તત્ત્વ કયું જાણ્યું? જગતગુરુ! એહ વિચાર મુજ કહીએ;
આત્મ તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ, ચિત્ત સમાધિ નવ લહીએ.
મુનિસુવ્રત જિનરાજ ! એક મુજ વિનંતિ નિસુણો. ..૧

કોઈ અબંધ આતમ તત માને, કિરિયા કરતો દીસે;
કિરિયાતણું ફળ કહો કોણ ભોગવે? એમ પૂછ્યું ચિત્ત રીસે. મુ..૨

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરખો;
સુખદુઃખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરખો. મુ..૩

એક કહે નિત્ય જ આતમ તત, આતમ દર્શન લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવ દેખે મતિ હીણો. મુ..૪

સૌગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવ ઘટે, એહ વિચાર મન આણો. મુ..૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ? મુ..૬

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુ..૭

વળતાં જગગુરુ એણી પરે ભાખે, પક્ષપાત સર્વ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમ શું રઢ મંડી. મુ..૮

આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફીર ઈણમેં નાવે;
વાગ્જાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુ..૯

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત જ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહિયે. મુ..10

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ : શ્રી આશાવરી)

ષડ્દર્શન જિન અંગ ભણીજે,
ન્યાય ષડંગ જો સાધે રે;
નમિ જિનવરનાં ચરણ ઉપાસક,
ષડ દર્શન આરાધે રે. ષ..૧

જિન સુર પાદપ પાય વખાણું,
સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કર્તા,
લહો દુગ અંગ અખેદે રે. ષ..૨

ભેદ અભેદ સુગત મિમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ,
ગુરુગમથી અવધારી રે. ષ..૩

લોકાયતિક કૂખ જિનવરની,
અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા,
ગુરુગમ વિણ કેમ પીજે રે? ષ..૪

જૈન જિનેશ્વર વર ઉત્તમાંગ,
અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક,
આરાધે ધરી સંગે રે. ષ..૫

જિનવરમાં સઘળાં દર્શન છે,
દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી,
તટિનીમાં સાગર ભજના રે. ષ..૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે,
તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે,
તે ભૃંગી જગ જોવે રે. ષ..૭

ચૂરણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ,
વૃત્તિ પરંપરા અનુભવ રે;
સમય પુરુષના અંગ કહ્યા એ,
જે છેદે તે દુર્ભવ રે. ષ..૮

મુદ્રા બીજ ધારણા અક્ષર,
ન્યાસ અર્થ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવ વંચીજે,
ક્રિયા અવંચક ભોગે રે. ષ..૯

શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરુ તથાવિધ ન મળે રે;
ક્રિરિયા કરી નવ સાધી શકીએ,
એ વિષવાદ ચિત્ત સઘળે રે. પ..૧૦

તે માટે ઊભો કર જોડી,
જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો,
જેમ 'આનંદઘન' લહીએ રે. પ..૧૧

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ : મારુણી / ધરણા ઢોલા)

અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ,
મનરા રે વહાલા;
મુક્તિ સ્ત્રી શું આપણે રે,
સગપણ કોઈ ન કામ. મ..૧

ઘર આવો હો વહાલમ ! ઘર આવો,
મારી આશાના વિશ્રામ; મ..
રથ ફેરો હો સાજન ! રથફેરો,
સાજન ! મારા મનના મનોરથ સાથ. મ..૨

નારી પખો શ્યો નેહલો રે, સાચ કહું જગનાથ ! મ..
ઈશ્વરે અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ..૩

પશુ જનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મ..
માણસની કરુણા નહીં રે, એ કોણ ઘર આચાર. મ..૪

પ્રેમ કલ્પતરુ છે દિયો રે, ધરિયો યોગ ધતૂર;
એ ચતુરાઈ રો કોણ કહો રે ? ગુરુ મળિયો જગ સૂર. મ..૫

મારું તો એમાં કંઈ નહીં રે, આપ વિચારો રાજ ! મ..
રાજસભામાં બેસતાં રે, કીસહી વધશે લાજ ? મ..૬

પ્રેમ કરે જગજન સહુ રે, નિર્વાહે તે ઓર; મ..
પ્રીતિ કરીને છોડી દે રે, તે શું ન ચાલે જોર. મ..૭

જો મનમાં એવું હતું રે, નિષ્પત્તિ કરત ન જાણ; મ..
નિષ્પત્તિ કરીને છોડતાં રે, માણસ હુવે નુકસાન. મ..૮

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ; મ..
સેવક વાંછિત નવ લહે રે, તો સેવકનો દોષ. મ..૯

સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ શ્વેત; મ..
ઈણ લક્ષણે સાચી સખી રે, આપ વિચારો હેત. મ..૧૦

રાગી શું રાગી સહુ રે, વૈરાગીથી શ્યો રાગ ? મ..
રાગ વિના કેમ દાખવો રે ? મુક્તિ સુંદરી માગ. મ..૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો જાણે લોગ; મ..
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મ..૧૨

જિણ જોણી તમને જોઉં રે, તિણ જોણી જુઓ રાજ ! મ..
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ..૧૩

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર; મ..
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ ! નિર્ધાર. મ..૧૪

સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મ..
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મ..૧૫

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરથાર; મ..
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ..૧૬

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ..
કૃપા કરી મુજ દીજીએ રે, 'આનંદઘન' પદ રાજ. મ..૧૭

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : સારંગ / રસિયાનો)

ધ્રુવપદ રામી હો સ્વામી ! માહરા,
નિષ્કામી ગુણરાય; સુજ્ઞાની;
નિજગુણ કામી હો પામી તું ધણી,
ધ્રુવ આરામી હો થાય. સુ.. ૧

સર્વ વ્યાપિ કદે સર્વ જાણગપણે,
પર પરિણમન સ્વરૂપ; સુ..
પર રૂપે કરી તત્ત્વપણું નહિ,
સ્વસાત્તા ચિદ્રૂપ. સુ..ધ્રુ..૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જળ ભાજન રવિ જેમ; સુ..
દ્રવ્ય એકતત્વપણે ગુણ એકતા,
નિજ પદ રમતા હો ક્ષેમ. સુ..ધ્રુ..૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પરક્ષેત્રી થયું જ્ઞાન; સુ..
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું,
નિર્મળતા ગુણ માન... સુ..ધ્રુ..૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ,
કાળ પ્રમાણે થાય; સુ..
સ્વકાળે કરી સ્વસત્તા સદા,
તે પર રીતે ન જાય. સુ..ધ્રુ..૫

પરભાવે કરી પરતા પામતા,
સ્વસત્તા સ્થિર ઠાણ; સુ..
આત્મ ચતુષ્કમયી પરમાં નહિ,
તો કેમ સહુનો જાણ ? સુ..ધ્રુ..૬

અગુરુલઘુ નિજગુણને દેખતાં,
દ્રવ્ય સકળ દેખંત; સુ..
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જળનો દૃષ્ટાંત. સુ..ધ્રુ..૭

શ્રી પારસ જિન ! પારસ રસ સમો,
પણ ઈહાં પારસ નાંહિ; સુ..
પૂરણ રસિયો હો નિજ ગુણપરસનો,
'આનંદઘન' મુજ માંહી. સુ..ધ્રુ..૮

## ૨૪. શ્રી વર્ધમાન જિન સ્તવન

(રાગ : ધનાશ્રી)

શ્રી વીરજીને ચરણે લાગું,
વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું,
જીત-નગારું વાગ્યું રે. શ્રી..૧

છદ્મસ્થ વીરજ લેશ્યા સંગે,
અભિસંધીજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂળ ક્રિરિયાને રંગે,
યોગી થયો ઉમંગે રે. શ્રી..૨.

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખ્યે,
યોગ અસંખિત કખે રે;
પુદ્ગલ ગણ તેણે લેશ્યા વિશેષે,
યથાશક્તિ મતિ લેખે રે. શ્રી..૩

ઉત્કૃષ્ટે વીરજને આવેશે,
યોગ ક્રિયા નવ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે,
આતમ શક્તિ ન ખેસે રે. શ્રી..૪

કામ વીર્ય વશે જેમ ભોગી,
તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી,
થાય તેહ અયોગી રે. શ્રી..૫

વીરપણું તે આતમ ઠાણે,
જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે,
નિજ ધ્રુવ પદ પહિચાણે રે. શ્રી..૬

આલંબન સાધન જે ત્યાગે,
પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે,
'આનંદઘન' પ્રભુ જાગે રે. શ્રી..૭